# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

## Re- Accredited Grade A BY NAAC
## (CGPA 3.05)

<u>પરીપત્ર:</u>

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સરકારી કોલેજો સ્વ-નિર્ભર કોલેજો તથા ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોના આચાર્યશ્રીઓને સવિનય આદેશાનુસાર જણાવવાનું કે, જ્યા પ્રાયોગિક પરીક્ષાઓ લેવાની થાય છે, ત્યાં પ્રાયોગિક / પ્રોજેકટ / વાયવા પરીક્ષા માટે કોલેજ આચાર્યશ્રીઓએ તેમની કોલેજના ડીગ્રી-કક્ષામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસેથી નિયત પરીક્ષા ફી ઉપરાંત રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એકસો પુરા/-) વધારાના લેવાના રહેશે અને તેમાંથી પ્રાયોગિક / પ્રોજેકટ / વાયવા પરીક્ષા લેવા આવનાર પરીક્ષકોને તેમનું મહેનતાણું અને ટી.એ. ડી.એ. યુનિવર્સિટીના નિયમ મુજબ ચુકવવાનું રહેશે.

વધુમાં કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, પ્રાયોગિક પરીક્ષા સંચાલન ખર્ચ પેટે જે રૂા.૧૦૦/ વધારાના લેવાના થાય છે, તે માત્ર અનુસ્નાતક તેમજ ડીગ્રી-કક્ષાની પરીક્ષા માટે જ લેવાના રહેશે. સેમેસ્ટર ૦૧ થી ૦૪ ની પરીક્ષાઓ જે સ્થાનિક-કક્ષાએ કોલેજોના આચાર્યશ્રી દ્વારા લેવામાં આવે છે, ત્યાં આ નિયમ લાગુ પડશે નહી તેમજ આનો <u>અમલ માર્ચ / એપ્રીલ ૨૦૧૬ ની પરીક્ષાથી કરવાનો રહે છે</u>.

પરીક્ષા નિયામક

નં./પરીક્ષા/૦૨/ પ્રાયોગિક/ ૯૫૦ /૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ ૩૬૦ ૦૦૫
તા. ૪/૦૩/૨૦૧૬

પ્રતિ,
૦૧ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...

<u>નકલ રવાના:</u>
૦૧ માન. કુલપતિશ્રી / માન. કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૦૨ મુખ્ય હિસાબી અધિકારીશ્રી / ઓડીટરશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૦૩ એકેડેમિક ઓફીસરશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.